# પૂર-પીડિતને ન્યાય ન મળતા ચાર ગામોના ગ્રામજનોનું આંદોલન

## સુઈગામ તાલુકા પંચાયતમાં એક જ દિવસમાં ૧૧૦૦ આરટીઆઈની અરજી આવતા તંત્ર ધૂઆપૂઆં : અતિવૃષ્ટિમાં સુઈગામ, બેણપ, મોરવાડા, ગરાબડી ગામોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી

દિયોદર, તા. ૧૯

બનાસકાંઠા જિલ્લામાં ભારે વરસાદના કારણે સરહદી ગામોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. અતિવૃષ્ટિના કારણે હજારો પરિવારો બે ઘર બન્યા હતા. પાકો નિષ્ફળ ગયા હતા. જમીનો ધોવાઈ હતી, પશુઓ મૃત્યુ પામ્યા હતા. જેમાં લાખોનું નુકશાન થવા પામ્યું હતું. જેમાં સરકારે અતિવૃષ્ટિને પહોંચી વળવા માટે બનાસકાંઠા જિલ્લાને કરોડો રૂપિયાનું રાહત પેકેજ જાહેર કર્યુ હતું. જેમાં પૂરપિડીતોને યોગ્ય વળતર ન મળતાં જિલ્લાના તમામ તાલુકા અસરગ્રસ્ત લોકોએ સહાય માટે અરજીઓ કરી છે. પરંતુ આ અરજી કચેરીઓમાં અભરાઈ પર ધૂળ ખાઈ રહી છે. ત્યારે સુઈગામ તાલુકાના ચાર ગામોના હજારોની સંખ્યામાં લોકોએ એક સાથે મળી અને એક જ દિવસે સુઈગામ તાલુકા પંચાયતમાં ૨૦૦૦ ફરીયાદ અને ૧૧૦૦ જેટલી આરટીઆઈની અરજીઓ આવતાં તંત્ર ધૂઆપૂઆ થઈ ગયું છે. અને જિલ્લાની વહીવટી વિભાગ કચેરીમાં ખળભળાટ મચી ગયો છે.





જાણવા મળતી માહિતી મુજબ સરહદી સુઈગામ તાલુકાના બેણપ, ગરાબડી, મોરવાડા, સુઈગામમાં અતિવૃષ્ટિ અને ભારે વરસાદના કારણે જિલ્લામાં આ વિસ્તાર જળબંબાકારની સ્થિતિમાં મુકાયો હતો. લોકોને બચાવવા માટે તંત્રએ સતત ચાર દિવસ અલગ અલગ ટીમોની મદદ લઈ લોકોને બચાવ્યા હતા. તો બચી ગયા પણ જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ પાણીમાં વહી ગઈ હતી. જમીન ધોવાણ થતાં ઉભા પાકો પણ નાશ પામ્યા હતા. પશુઓનો મૃત્યુઆંક પણ કહી શકાય તેમ ન હતો. હજારો પરિવારો બે ઘર બન્યા હતા. એ સમયે સરકારે પૂરપિડીતોને તાત્કાલિક ધોરણે કેશડોલ આપી દિવસો વિતાવ્યા હતા. ગંભીરતા ધ્યાને લઈ ગુજરાત સરકારે પૂરપિડીતોને રાહત આપવાની જાહેરાત કરતા પૂરપિડીતોની વારે સરકાર આવી હતી.

પૂર પિડીતોને યોગ્ય વળતર ન અપાતા પૂરપિડીતો રોષે ભરાયા હતા. વારંવાર રજુઆત કરવા છતાંય યોગ્ય નિવારણ ન આવતા આખરે પૂર પિડીતોએ હજારોની સંખ્યામાં મહા અભિયાન ઉપાડ્યું હતું. તા. ૧૫-૩-૨૦૧૬ના એક સાથે પૂરપિડીતોની ૨૦૦૦ જેટલી ફરીયાદો અને ૧૧૦૦ જેટલી આરટીઆઈની અરજી સુઈગામ તાલુકા પંચાયતને મળતાં તંત્ર ધૂઆપૂઆ થઈ ગયું હતું અને જિલ્લાની કચેરીમાં કળભળાટ મચી ગયો છે. એક તરફ પૂરપિડીતોને ૩૦ દિવસમાં આરટીઆઈમાં માંગેલ માહિતી પુરી કરવામાં નહી આવે તો પૂરપિડીઓ આયોગ સુધી જવા માટેની ચિમકી ઉચ્ચારી છે.

# મોડાસામાં વાત્રક જલાગાર યોજનાની જંગમ મિલ્કત જપ્ત કરવાના કોર્ટના આદેશથી ખળભળાટ

મોડાસા, તા. ૧૯

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના ખેડૂતોની જમીન સીંચાઈ વિભાગ દ્વારા બનાવવામાં આવેલા વાત્રક જળાશયમાં ડૂબમાં જતા જળાશયનું નિર્માણ સિંચાઈ વિભાગ દ્વારા ૧૯૭૦માં બનાવવામાં આવ્યું હતું. ત્યારથી આજ સુધી ડૂબમાં ગયેલી ૪૦ જેટલા અરજદારોના વ્યાજના નાણા આજ ૪૦ જેટલા ખેડૂતોની ૧૯૭૦માં સિંચાઈ વિભાગ દ્વારા બનાવાવમાં આવેલા વાત્રક જળાશયમાં જમીનો ડૂબમાં જતા અને ખેડૂતો ઘર વિહોણા અને જમીન વિહોણા બન્યા હતા. વાત્રક જળાશયમાં ડૂબમાં ગયેલી જમીનના વ્યાજના રૂપિયા અરજદારોને ૪૫ વર્ષ થવા છતાં મળેલ નથી. ખેડૂતો દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં જવાબદાર તંત્ર દ્વારા રૂપિયા જમા ન



**માલપુર તાલુકાના ખેડૂતોની જમીન વાત્રક જળાશય યોજનામાં ૧૯૭૦માં ડૂબમાં જતા જવાબદાર કચેરી દ્વારા વ્યાજના નાણા ચૂકવવા ઠાગાઠૈયા**

સુધી ન મળતા મામલો કાયદાકીય ગુંચમાં પડતા ૪૦ અરજદારોએ જવાબદારીતંત્ર સામે કોર્ટમાં ઘસડી જતા અને કોર્ટ દ્વારા ખેડૂતોની તરફેણમાં ૨૦૧૪ વ્યાજના નાણા ચૂકવવા આદેશ કરવા છતાં જવાબદાર તંત્ર દ્વારા હાઈકોર્ટના દ્વાર ખટખટાવતા હાઈકોર્ટે પણ ખેડૂતોના તરફેણમાં ચૂકાદો આપ્યા બાદ ખેડૂતોના બાકી નીકળતા અંદાજે ૪૪ લાખ રૂ. ન ચૂકવતા મોડાસાના પ્રીન્સિપાલ સીનીયર સિવિલ જજે અરજાદરોને વાત્રક જલાગાર યોજના મોડાસા જંગમ મલ્કત જપ્ત કરવાનો અને પૈસા વસૂલ કરવાનો આદેશ કરતા મોડાસા કાર્યપાલક ઈજનેરી કચેરી ખાતે ખેડૂતો મિલ્કત જપ્ત કરવા પહોંચતા ખળભળાટ મચી ગયો હતો.

વકીલ જે.એસ. સગરના જણાવ્યા અનુસાર માલપુર તાલુકાના કરાવતા કોર્ટની શરણ લીધુ હતુ અને કોર્ટ દ્વારા ૨૦૧૪ની સાલમાં ખેડૂતોની તરફેણમાં ચૂકાદો આપતા જવાબદારતંત્ર ગુજરાત હાઈકોર્ટમાં ચુકાદાને પડકારતા સરકારી તરફી દલીલો હાઈકોર્ટે ડીસમીસ કરી ડૂબમાં ગયેલી જમીનના અરજદારોને રૂપિયા જમા કરાવવાના કોર્ટમાં જણાવ્યા છતાં આજદિન સુધી રૂપિયા જમા ન કરાવતા શનિવારે માલપુર તાલુકાના જમીનદારો જંગમ વોરન્ટની બજવણી કરવા આવતા વાત્રક જલાગાર યોજના કચેરીમાં ખળભળાટ મચી ગયો હતો. મોડાસા વાત્રક જલાગાર યોજનાના કાર્યપાલક ઈજનેર ડામોરે અરજદારોને તેમજ વકીલને સમજાવી મામલો થાળે પાડી જલદીથી આ પ્રશ્નનું નિરાકરણ કરવાની હૈયાધારણા આપી હતી.

### મકાન ખાલી કરાવવા બાબતે ઝઘડો થતા સામસામે પોલીસ ફરિયાદ

હિંમતનગર, તા. ૧૮

વિજયનગર તાલુકાના અંદ્રોખા આશ્રમ પાસેની જંગલની જમીનમાંથી રેન્જ ફોરેસ્ટર દ્વારા ગુરૂવારે મકાન ખાલી કરાવવા બાબતે કહેતા ગેરકાયદે મકાનમાં રહેતા સાત જણાએ ફોરેસ્ટર ઉપર હૂમલો કર્યો હતો અને તેમની વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. તો સામે જ રેન્જ ફોરેસ્ટરે પણ સરકારી કામમાં અડચણ ઉભી કરતા સાત જણા વિરૂદ્ધ સામી ફરિયાદ નોધાવી હતી.

અંદ્રોખા આશ્રમના ફોરેસ્ટ ક્વાટર્સમાં રહેતા મનોજભાઈ માનવજીભાઈ તાવીયાડ ગુરૂવારે જંગલની જમીનમાં મકાન બનાવી રહેતા વદનસિંહ ધુળાજી ચૌહાણ, સરદારસિંહ વદનસિંહ ચૌહાણ, સુરેશસિંહ વદનસિંહ ચૌહાણ, વસંતીબેન વદનસિંહ ચૌહાણ, ગીરીશભાઈ જીવાજી ખરાડી, કમથુબેન રામજીભાઈ ચૌહાણ અને આનંદબેન ગીરીશભાઈ ખરાડીને મકાન ખાલી કરવા બાબતે કહેતા સાતેય જણાએ મનોજભાઈ ઉપર તિક્ષ્ણ હથિયારોથી હૂમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# મોડાસા નગરપાલિકાના સફાઈ કામદારોની પડતર માંગણીના મુદ્દે સતત બીજા દિવસે હડતાળ યથાવત

મોડાસા, તા. ૧૯

વિવિધ માંગણીઓ અને પડતર પ્રશ્નોના મુદ્દે મોડાસા નગરપાલિકાના કાયમી, રોજમદાર મોડાસા નગરપાલિકામાં ફરજ બજાવતા કાયમી અને રોજમદાર સફાઈ કામદારો પોતાની વિવિધ માંગણીઓના મુદ્દે શુક્રવારથી સફાઈ કામદારોને બીપીએલ, મા-અમૃતમ અને ઓળખ કાર્ડ આપવા સહિત સફાઈ કામમાં આઉટ સોર્સિંગ બંધ કરવાની માંગણીઓ



અને આઉટ સોર્સિંગ હેઠળના ૧૦૦થી વધુ સફાઈ કામદારો અચોક્કસ મુદતની હડતાળ ઉપર જતાં તંત્રમાં દોડધામ મચી હતી. શુક્રવારની બપોરથી જાહેર કરાયેલ હડતાળથી આગામી દિવસોમાં સફાઈ સેવા ખોરવાશે એવી આશંકાઓ વર્તાઈ હતી. હડતાળનો પ્રારંભ કર્યો હતો. મોડાસાના ટાઉનહોલ નીચેની ખુલ્લી જગામાં હડતાળ ઉપર ઉતરેલા કામદારોએ છઠ્ઠા પગારપંચનો અમલ કરાવવા, વર્ષોથી ફરજ બજાવતા રોજમદારોને કાયમી કરવા, અવસાન પામેલ કર્મીઓના વારસદારોને નોકરી આપવા, દરેક દોહરાવી હતી.

મુખ્યમંત્રી ૨૬ માર્ચે મોડાસામાં આવનાર હોઈ સમગ્ર તંત્ર આયોજન કામમાં પરોવાયું છે. ત્યારે નગરમાં ૧૦૦થી વધુ સફાઈ કામદારોની અચોક્કસ મુદતની હડતાળથી સફાઈ સેવા પ્રભાવીત થશે એવી દહેશત વ્યક્ત કરાઈ રહી છે.

# ધાનેરામાં રાજકોટના મૃતક ગૌસેવકને શ્રદ્ધાંજલિ અપાઈ

ધાનેરા, તા. ૧૯

રાજકોટમાં ગૌ સેવકે કરેલ આત્મ વિલોપનમાં ગૌસેવકનું મોત



નીપજતા ધાનેરામાં લોકો દ્વારા મૃતક ગૌસેવકને શ્રદ્ધાંજલિ આપી હતી અને મૃતક ગૌસેવકના આત્માને શાંતિ માટે ભગવાન પાસે પ્રાર્થના કરી હતી અને ગાયને રાષ્ટ્ર પ્રાણી જાહેર કરવા માટે આવેદનપત્ર પણ આપ્યું હતું.

રાજકોટમાં ગૌસેવક દ્વારા ગાયને રાષ્ટ્ર પ્રાણી જાહેર કરવા માટે લડત લડી રહ્યા હતા અને તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી ન થતા ૮ ગૌસેવકોએ આત્મ વિલોપન કર્યુ હતું. જેમાં એક ગૌસેવકનું મોત નીપજતાં ગુજરાતમાં ભારે શોકની લાગણી છવાઈ ગઈ હતી. ત્યારે આજે ધાનેરાના ગૌ સેવક અને ધાનેરાના લોકો દ્વારા ધાનેરાના લાલ ચોક ખાતે મૃતક ગૌસેવકની શોકસભાનું આયોજન કર્યું હતું અને મૃતક ગૌસેવકને શ્રદ્ધાંજલિ આપી ભગવાન તેના આત્માને શાંતિ આપે તેવી ગૌસેવક સહીત ગામલોકોએ પણ ભગવાનને પ્રાર્થના કરી હતી. ગાયને વહેલામાં વહેલી તકે રાષ્ટ્ર પ્રાણી તરીકે સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવે તેવી માંગ સાથે ધાનેરા મામલતદારને આવેદનપત્ર



આપ્યું હતું અને વધુમાં ગૌસેવકોએ જણાવ્યું હતું કે જ્યારે દેશના બધા ગૌસેવકો રસ્તા પર ઉતરી આવશે ત્યારે સરકારને ભારે પડી જશે અને જેવી રીતે સરકારને બેસાડતા આવડે તેવી રીતે સરકારને ઉખડતા પણ અમને આવડે છે.

ગૌસેવકો દ્વારા આત્મ વિલોપન કરવા છતાં પણ તંત્રના પેટમાંથી પાણી પણ હલતુ નથી ત્યારે ગાયને રાષ્ટ્ર પ્રાણી બનાવવાનું આંદોલન દેશમાં વિકરાળ સ્વરૂપ તો ધારણ નહિ કરે ને તે તો આવનારો સમય જ બતાવશે.



ધાનેરા તાલુકા તેમજ શહેરમાં આમળી અગિયારસની ભવ્ય ઉજવણી થઈ હતી. આમળી અગિયારસના મહા પર્વ નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ જગ્યા ઉપર સખીઓ દ્વારા લીમડાના ઝાડ પર હિંચકો બાંધી હિંચકા ખાઈને આમળી અગિયારસની ઉજવણી કરી હતી.

### ખેડબ્રહ્મા ખાતે વિકાસપીડીયા વિષય પર કાર્યશાળા યોજાઈ

ભારત સરકારના ઈન્ફરમેશન અને ટેકનોલોજી વિભાગ દ્વારા લોકોના વિકાસ માટે સામુહિક જ્ઞાન દ્વારા ક્ષમતા કેળવાય તેવા આશયથી શરૂ કરાયેલ વિકાસપીડીયા અંગે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા ખાતે એક દિવસીય કાર્યશાળા યોજાઈ હતી.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે આયોજીત કાર્યશાળામાં અધિકારીઓ, ખેડૂત અને વિદ્યાર્થી મિત્રોને માહિતગાર કરતા વિકાસ પીડીયા પોર્ટલના સ્ટેટ હોલ્ડર પર્સન શ્રી નમિતા શાહે જણાવ્યું હતું કે દેશની ૨૨ ભાષાઓમાં શરૂ કરવામાં આવેલા આ વેબ પોર્ટલમાં ખેતી, આરોગ્ય, શિક્ષણ, ઊર્જા અને ઈ-ગર્વન્સની સેવાઓને આવરી લેવામાં આવી છે. જેમાં આ વિષયોને લગતા તજજ્ઞો દ્વારા માહિતી પુરી પાડવામાં આવે છે. જે એકદમ પ્રમાણિત હોય છે. આ એક એવું મંચ છે જ્યાં માહિતી અને જ્ઞાનનો ક્રાઉડ સોર્સિંગની સહાય મળી રહે છે. આ પોર્ટલની વિશેષતા એ છે કે શક્ય હોય ત્યાં સુધી સ્થાનિક ભાષાને વધુ પ્રાધાન્ય આપવામાં આવે છે. પોર્ટલ ઈ-લર્નિંગ અભ્યાસક્રમો સાથે વેલ્યુ એડેડ સેવાઓ પણ લાભ મળી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# બોલો.. પ્રાંતિજના મેમદપુર ખાતે ઉ.બુ. વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને ભણતરને બદલે ફિલ્મો બતાવાય છે

## માત્ર માતૃભાષા સિવાયના બીજા વિષયો ભગવાન ભરોશે

પ્રાંતિજ, તા. ૧૯

પ્રાંતિજ તાલુકાના મેમદપુર ખાતે આવેલ સંસ્કાર ભારતી અમરાપુર સંચાલિત વિવિધ ભારતી મેમદપુર



ઉ.બુ. વિદ્યાલયમાં વિદ્યાર્થીઓને ભણતરની જગ્યાએ ગુજરાતી ફિલ્મ બતાવાય છે.

પ્રાંતિજના મેમદપુર ખાતે આવેલ સંસ્કાર ભારતી અમરાપુર સંચાલિત વિવિધ ભારતી મેમદપુર ઉ.બુ. વિદ્યાલયમાં શાળામાં બાળકોને ભણાવવાના બદલે ગુજરાતી ફિલ્મ બતાવવામાં આવે છે. ત્યારે સરકાર દ્વારા શિક્ષણનું સ્તર વધારવા લાખ્ખો રૂપિયાની ગ્રાન્ટો તથા શાળાઓમાં વિવિધ સાધનો આપે છે ત્યારે શાળા દ્વારા આપેલ કોમ્પ્યુટરનો ભણતર માટે નહી પણ ફિલ્મો માટે થતો હોય તેવું આ શાળામાં સ્પષ્ટ પણે જણાઈ આવે છે. જ્યારે માત્ર બે વર્ગ આવેલા છે જેમાં ધોરણ-૯ અને ધોરણ-૧૦માં માત્ર બે શિક્ષકો ફરજ બજાવો છે. જેમાં ગુજરાતી શિક્ષક તરીકે બેચરભાઈ આર. પટેલ ભણાવે છે અને પોતે આચાર્ય પણ છે બીજા શિક્ષક નરેશભાઈ ચીમનભાઈ પટેલ કૃષિ ડીપ્લોમાં છે. ત્યારે શાળાના વિદ્યાર્થીઓને બીજા વિષયોનું શું એક મોટા પ્રશ્ન છે. અને પાછળના વર્ષોનું ધોરણ ૧૦નું રીઝલ્ટ ઉપર નજર કરીએ તો રીઝલ્ટ શાળાના વિદ્યાર્થીઓને વગર શિક્ષકોએ રીઝલ્ટ ક્યાંથી મળે ત્યારે માત્ર સંચાલક દ્વારા માત્ર ગ્રાન્ટોની મલાઈ લેવા આવી સંસ્થાઓ ચલાવીને વિદ્યાર્થીઓના ભાવી સાથે ચેડાઓ કરે છે. પણ સરકારની તિજોરીઓ પણ ખાલી કરે છે ત્યારે તંત્ર દ્વારા આવી સંસ્થાની યોગ્ય તપાસ કરી કાયદેસરની કાર્યવાહી થાય તેવુ હાલ તો આ શાળામાં અભ્યાસ કરતા આવતા બન્ને ગામોના અગ્રણીઓ જણાવી રહ્યા છે. જ્યારે શાળામાં શિક્ષણની જગ્યાએ ગુજરાતી ફિલ્મ બતાવી વિદ્યાર્થીઓના ભણતર સાથે ચેડા થતા હોવા છતાં તંત્ર બધુ જાણતુ હોવા છતાં હાલ તો ચુપકી સાંધીને બેઠુ હોય તેવું જણાઈ આવે છે. ત્યારે હવે જોવાનું એ રહ્યું કે શું તંત્ર ખરેખર કાર્યવાહી કરશે કે કેમ એ હવે જોવાનું રહ્યું.